ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# ક ચ્છ યુ નિ વ ર્સિ ટી
મુન્દ્રા રોડ, ભુજ ફોન.નં. ૦૨૮૩૨ ૨૩૫૦૦૯

## વિદ્યાર્થીઓને ઉદભવતા પ્રશ્નોના જવાબો

**પ્રશ્ન ૧) શું આ યુનિવર્સિટી સરકારની માન્યતા ધરાવે છે?**

ઉત્તર :– હા

જો હા હોય તો માન્યતા નંબર ? GUJARAT ACT NO.5/2003/DT.3.3.2003.

**પ્રશ્ન ૨) આ યુનિવર્સિટી પાસે ૨/એફ તથા ૧૨/બી નું પ્રમાણપત્ર છે?**

ઉત્તર :– યુનિ. ૧૨/બી ની માન્યતા ધરાવતી નથી. યુનિવર્સિટી પાસે (૨–એફ) સર્ટીફિકેટ છે જેનો માન્યતા નંબર F:9-11/2003/CCP-1/Dt.3.2.2004.

**પ્રશ્ન ૩) આ યુનિવર્સિટી NAAC/ એક્રિડિએશન ધરાવે છે?**

ઉત્તર :– આ યુનિ. NAACનું એક્રિડિએશન ધરાવતું નથી. આ અંગેની પ્રક્રિયા ચાલુ છે.

**પ્રશ્ન ૪) આ યુનિવર્સિટીમાં વર્ષમાં કેટલીવાર પરીક્ષા લેવામાં આવે છે? કઈ રીતે?**

ઉત્તર :– યુનિ. દવારા વર્ષમાં કુલ ત્રણ વાર પરીક્ષા લેવામાં આવે છે. જે માર્ચ–એપ્રિલ,ઓકટો–ડિસે. માસમાં લેવામાં આવે છે તથા સપ્લીમેન્ટરી તરીકેની ખાસ કિસ્સામાં જ લેવામાં આવે છે.

**પ્રશ્ન ૫) પરીક્ષાનું પાસીગ ધોરણ કેટલું ?**

ઉત્તર :– પરીક્ષાનું પાસીગ ધોરણ 40% રાખવામાં આવ્યું છે.

જે અભ્યાસક્રમોમાં કાઉન્સિલ લાગુ પડતી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલના નિયમો મુજબ પાસીગ ધોરણ લાગુ પાડવામાં આવે છે.

**પ્રશ્ન ૬)** **મારે રી—ચેક/રી—એસેસમેન્ટ કરાવવું છે તો હું વધુમાં વધુ કેટલા વિષયનું કરાવી શકું?**

**ઉતર :—** કુલ ત્રણ વિષયમાં રીચેકીંગ અથવા બે વિષયમાં રી— અસેસમેન્ટ અને ૧ વિષયમાં રી—ચેકિંગ અથવા બે વિષય રી—ચેકિંગ અને ૧ વિષયમાં રી—એસેમેન્ટ આમ,કુલ ર વધુ ન હોય એટલા રીએસેસમેન્ટ કરાવી શકે.

આ અંગે મુજબ યુનિ. વેબ સાઇટ પરથી ઓનલાઇન માહિતી મળી શકશે. વિદ્યાર્થી પોતાના પાર્ટલ પરથી ફોર્મ ભરી શકે છે.

.

**ખાસ નોંધ :— સેમેસ્ટર પધ્ધતિમાં રેગ્યુલર વિદ્યાર્થીઓ માટે રી—ચેક/રી—અસેસમેન્ટ દરમ્યાન માર્કસ કઈ રીતે મળવા પાત્ર થતો હોય છે ?**

**ઉતર :—** જો વિદ્યાર્થીને મળેલ માર્કસ ઉપરાંત પેપર રી—ઓપન કરે છે તે દરમ્યાન જો મળેલ માર્કસ ઉપરાંત ૧૦ ટકા કે તેથી વધુ નો તફાવત જણાય તો બીજીવાર તપાસનાર પાસે આપનું પેપર રી—ચેક માટે જાય છે ત્યાર બાદ તેમના દવારા ચેક કરવામાં આવેલ પેપરના માર્કસ સાથે ફર્સ્ટ અને સેકેન્ડ તપાસનાર વચ્ચેનો સરવાળો નકકી કરવામાં આવે તે સરવાળાનો સરેરાશ કાઢવામાં આવે છે. જેમ કે,

**ઉદાહરણ :—**

રેગ્યુલર કોલેજમાંથી અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીને ૭૦ માર્કસ માથી ૧૯ ગુણ આવ્યા છે , ત્યાર બાદ રી—ઓપન કરાવતા માર્કસમાં ૭ માર્કસનો વધારો થયો છે એટલે કે ૭૦ માર્કસ માથી ૧૦ ટકાનો ફેરફાર જણાય છે આપને ર૭ માર્કસ મળ્યા તેવુ જણાય છે, માટે આપનું પેપર સેકેન્ડ રી—ઓપનમાં એટલે કે બીજા દવારા તપાસનાર પાસે જાય છે, ત્યાર સેકેન્ડ રી—ઓપન માં આપને ૩૩ માર્કસ મળ્યા તો ફર્સ્ટ અને સેકેન્ડ નો સરવાળો કરવામાં આવે છે અને તે સરવાળાનો સરેરાશ કાઢી અડધા માર્કસ વિદ્યાર્થીને મળવા પાત્ર થાય છે. જેમ કે, ર૭ +૩૩=૬૦— થયેલ સરવાળાના તફાવત મુજબ અડધા માર્કસને ધ્યાને રાખી આપને મળવા પાત્ર માર્કસ ૩૦ થાય છે.

ઉપર મુજબની ગણતરીને ધ્યાને લેતા જો વિદ્યાર્થી બાહય પધ્ધતિ (એક્ષ્ટર્નલ) હોય તો તેના માર્કસનો સરેરાશ ૪૩ આપવામા આવ્યો હોત જેની ગણતરી કુલ ૧૦૦ માર્કસ માથી કરવામાં આવતી હોય છે.

આમ, રેગ્યુલર વિદ્યાર્થીઓને ૭૦ માર્કસમાંથી મળવા પાત્ર થાય છે અને એક્ષ્ટર્નલ વિદ્યાર્થીઓને ૧૦૦ માર્કસમાંથી મળવાપાત્ર થતા હોય છે.